Beyond Research,
Beyond Advice

MARKET-HUB
NEWS LETTER

24th December 2021 Issue – 479

# Market News

સત્રના કારોબારી અંતિમ દિવસે સારા ગ્લોબલ સંકેતોએ બજારમાં જોશ ભર્યો છે. આજે ભારતીય બજારોની શરૂઆત વધારા સાથે થઈ છે. સેન્સેક્સ 69.96 અંક એટલે કે 0.12 ટકાના વધારાની સાથે 57385.24 ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટી 13.20 અંક એટલે કે 0.08 ટકાની મજબૂતાઈ સાથે 17085.80 ના સ્તર પર જોવા મળી રહ્યો છે.

HCL Technologies, SBI Life Insurance, TCS, Wipro અને IOC નિફ્ટીના ટૉપ ગેનરમાં સામેલ છે જ્યારે Power Grid Corporation, IndusInd Bank, Sun Pharma, Tata Consumer Products અને ICICI Bank ટૉપ લૂઝર છે.આજના કારોબારી સત્રના દિવસે ભારતીય રૂપિયો મજબૂતી સાથે બંધ થયો છે. 1 ડૉલરના મુકાબલે ભારતીય રૂપિયો 21 પૈસા વધીને 75.02 ના સ્તર પર બંધ થયો છે. જ્યારે ગુરૂવારના કારોબારી સત્રના દિવસે ભારતીય રૂપિયો 75.23 ના સ્તર પર બંધ થયો હતો.

Data Patternsના શેરની લિસ્ટિંગ આજે પ્રીમિયમ પર થયું છે. નબળા સેન્ટિમેન્ટ હોવા છતાં, Data Patternsના શેરની લિસ્ટિંગ આજે ઇશ્યૂ પ્રાઇસથી 47.69 ટકા ઉપર 864 પર લિસ્ટ થયા છે. કંપનીની ઇશ્યૂ પ્રાઇસ 585 રૂપિયા છે અને તેનું લિસ્ટિંગ 279 રૂપિયા ઉપર 864 રૂપિયા પર થઈ છે.

Data Patternsના શેર માટે રોકાણકારોનો જબરજસ્ત પ્રતિક્રિયા મળી હતી. કંપનીનો ઈશ્યુ 119.62 ગુણો સબ્સક્રાઈબ થયો હતો. Data Patternsનો ઇશ્યુ નૉન-ઇન્ટીટ્યૂશનલ ઇનવેસ્ટર્સના રિઝર્વ ભાગમાં 254 ગુણો સબ્સ્ક્રાઇબ થયું હતું. જ્યારે ક્વાલીફાઇડ ઇન્ટીટ્યૂશનલ વાયર્સનો હિસ્સો 191 ગુણો સબ્સ્ક્રાઇબ થયું હતું. જ્યારે રિટ્લ પોર્શન 23 ગુણો ભરેલો હતો.

Data Patternsનો IPOમાં 240 કરોડ રૂપિયાનો ફ્રેશ ઇશ્યૂ હતો અને 59.52 લાખ ઇક્વિટી શેર ઑફર ફૉર સેમાં વેચ્યા હતા. કંપનીની ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ 555-585 રૂપિયા પ્રતિ શેર હતો. ઇશ્યુ ખોલવાથી એક દિવસ પહેલા Data Patternsએ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી 176 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા.

GAIL (India) Limitedએ ગુરુવારે જાહેરાત કરી હતી કે આજે યોજાયેલી તેની બોર્ડ મીટિંગમાં નાણાકીય વર્ષ 2021-22 માટે 4 રૂપિયા પ્રતિ શેર વચગાળાના ડિવિડન્ડને મંજૂરી આપી છે. આ વચગાળાના ડિવિડન્ડની ચુકવણી માટે શુક્રવાર 31 ડિસેમ્બર, 2021નો રિકૉર્ડ ડેટ નક્કી કરવામાં આવી છે.

નોંધનીય છે કે તેજી વાળા બજારમાં પણ Gail Indiaનું પ્રદર્શન થોડું સુસ્ત રહ્યું છે. છેલ્લા એક વર્ષની તેજીમાં સેન્સેક્સમાં 20 ટકાની તેજી જોવા મળી છે, જ્યારે ગેઇલ ઇન્ડિયાએ અત્યાર સુધી 2021માં લગભગ 7 ટકાની તેજી જોવા મળી છે.

જો આપણે છેલ્લા 12 મહિનાના સમયગાળાને જોઈએ તો આ સમયગાળા દરમિયાન ગેઈલ ઈન્ડિયાનો શેરમાં 11 ટકાની તેજી આવી છે. ગેઇલ ઇન્ડિયા ભારતની લીડિંગ ગેસ કંપની છે. 30 સપ્ટેમ્બર, 2021એ પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં કંપનીનો નફો 2,862.9 કરોડ રૂપિયા રહ્યો હતો જ્યારે વર્ષના આ સમયગાળામાં કંપનીનો નફો 1,239.6 કરોડ રૂપિયા હતો.

## Results & CorprateAction

MARKET-HUB

| Corporate Action | Company Name | Type & Percentage | Record Date | Ex-Date |
|---|---|---|---|---|
| BONUS | Vaxtex | Bonus Ratio 2:3 | 28-12-2021 | 27-12-2021 |
| SPLITS | Andhra Sugar | Old Fv 10 New Fv 2 | -- | 30-12-2021 |
| SPLITS | Polo Queen Indu | Old Fv 10 New Fv 2 | -- | 30-12-2021 |
| DIVIDEND | Taparia Tools | Interim 700 | 31-12-2021 | 30-12-2021 |

## Nifty Spot in Last Week:-

ઉપરમાં ૧૭૧૫૫.૬૦ અને નીચામાં ૧૬૪૧૦.૦૦ નો ભાવ જોવા મળ્યો હતો.



NIFTY WEEKLY CHART



BANKNIFTY WEEKLY CHART

## Nifty Spot in Upcoming Week:-

ઉપરમાં જ્યાં સુધી ૧૭૪૦૦ ઉપર close નહી આપે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે નીચામાં ૧૬૬૫૦ સુધીનો ભાવ જોવા મળે.

## Bank Nifty in Upcoming week:-

ઉપરમાં જ્યાં સુધી ૩૬૦૦૦ ઉપર close નહી આપે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે નીચામાં ૩૪૦૦૦ સુધીનો ભાવ જોવા મળે.

## Recommendation for next week

| Serial No. | Stock Name Cash segment | Above/Below/Add HOLD | CMP as on 24.12.2021 | Trail SL | Buy Stop loss | Sell Stop loss | Target |
|---|---|---|---|---|---|---|---|
| 1 | IMFA(BUY) | HOLD 860 | 895 | | 805 | | 925-950 |
| 2 | KOTHARIPET(BUY) | HOLD 60.30 | 69 | 58 | | | 75 |
| 3 | EMAMIREAL(BUY) | AROUND 85 | 93 | | 79 | | 100 |

# Commodity Market

**COPPER:** ઉછાળે ૭૬૧ ના sl થી વેચાણ કરી શકાય નીચામાં ૭૦૫ સુધી નો નો ભાવ આવી શકે.







**CRUDEOIL:** ઘટાડે ૫૩૬૦ ના sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ૫૭૦૦ નો ભાવ આવી શકે.




**SILVER:** ઉછાળે ૬૩૮૦૦ ના sl થી વેચાણ કરી શકાય નીચામાં ૬૦૦૦૦ થી ૫૮૦૦૦ નો ભાવ આવી શકે.




**GOLD:-** ઘટાડે ૪૭૮૦૦ ના sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ૪૮૮૦૦ નો ભાવ આવી શકે.

# Currency Market (Cash Levels)

**USDINR:** ઘટાડે ૭૪.૫૦ ના sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ૭૫.૫૦ થી ૭૬.૫૦ સુધી નો ભાવ આવી શકે.





**GBPINR:** ઘટાડે ૯૮.૫૦ ના sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ૧૦૨.૦૦ થી ૧૦૨.૫૦ સુધી નો ભાવ આવી શકે.



EURINR: : ઉછાળે ૮૭.૩૫ ના sl થી વેચાણ કરી શકાય નીચામાં ૮૫.૫૦ થી ૮૪.૫૦ નો ભાવ આવી શકે.

-



**JPYINR** ઉછાળે ૬૮.૧૫ ના sl થી વેચાણ કરી શકાય નીચામાં ૬૫.૦૦ થી ૬૪.૫૦ નો ભાવ આવી શકે.

| Currency CASH LEVEL | DEMAND ZONE LEVEL | | CLOSE | SUPPLY ZONE LEVEL | |
|---|---|---|---|---|---|
| | D2 | D1 | | S1 | S2 |
| USDINR | 75.00 | 75.50 | 75.04 | 75.50 | 76.00 |
| GBPINR | 99.50 | 100.00 | 100.65 | 101.00 | 101.50 |
| EURINR | 84.00 | 84.50 | 85.05 | 85.50 | 86.50 |
| JPYINR | 65.00 | 65.50 | 65.95 | 66.50 | 67.00 |

# Currency Corner

| Premium / Discount (USD/ INR) Based on Forward Rates | |
|---|---|
| Duration | Premium |
| One month Forward | 0.24 |
| Three month Forward | 0.52 |
| Six month | 1.42 |
| One year | 3.19 |

| RBI reference Rates | |
|---|---|
| Currency | Rates |
| USD | 75.20 |
| GBP | 100.15 |
| Euro | 85.15 |
| 100 Yen | 65.73 |

HEAD OFFICE

B/230-231, International Trade Center, Majura Gate, Ring Road, Surat-2.(Guj.) India **Ph: 0261- 40 60 750, 246 27 90**

Fax : 0261-246 27 91 www.markethubonline.com E-Mail : info@markethubonline.com

IA SEBI Registration no.:INA000005333

Disclaimer:

We do not represent that information provided by us is accurate or complete and it should not be relied upon as such. The advice provided here is just for knowledge purpose only. The user assumes the entire risk of any use made or not made of this information.

INVESTMENT IN EQUITY, MUTUAL FUND, EQUITY, CURRENCY & COMMODITY DERIVATIVES IS SUBJECT TO RISK. WE ARE DISTRIBUTOR OF MUTUAL FUND. Client should read the Risk Disclosure Document (RDD) & Do's and Don'ts issued by SEBI & relevant exchanges before investing.